અપીલ અરજી નં.૧૭૪ તા.૧૬–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નાસીરભાઈ હુસેનીભાઈ દોડીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નાસીરભાઈ હુસેનીભાઈ દોડીયાની તા.૨૧–૬–૧૧ ની અરજીથી ડી.સુરત, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ગામ ઉધના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૮૮ પટેલનગર કો.ઓ.હા.સો. ના મિલ્કત મ્યુ. ટેના નં.૨૭ઈ–૦૯–૦૮૭૧–૦–૦૦૧ વાળી મિલ્કત હાલ આકારણી દફતરે એક શ્રીમતિ શકીનાબેન હુસેનભાઈ ડોડીયાના નામે નોંધી વેરાબીલ ઈસ્યુ કરેલ હોય તેમનું નામ આકારણી દફતરના નામે કરવા કયા અને કઈ તારીખે અને કોના ધ્વારા અરજી કરવામાં આવેલ અને તે અરજી સાથે કયા કયા આધારભુત પુરાવાઓ રજૂ કરેલ પુરાવાની વિગતો તથા નામે કરવામાં જે અરજી આપવામાં આવેલ હોય તેની નકલ તથા તેની સાથે બીડેલા આધારભુત નકલની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૭–૧૧ ની SMC/FAP/ નં.૧૭૪/૨૦૧૧–૧૨

શ્રી નાસીરભાઈ હુસેનીભાઈ દોડીયાની તા.૨૧–૬–૧૧ ની અરજીથી ડી.સુરત, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ગામ ઉધના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૮૮ પટેલનગર કો.ઓ.હા.સો. ના મિલ્કત મ્યુ. ટેના નં.૨૭ઈ–૦૯–૦૮૭૧ –૦–૦૦૧ વાળી મિલ્કત હાલ આકારણી દફતરે એક શ્રીમતિ શકીનાબેન હુસેનભાઈ ડોડીયાના નામે નોંધી વેરાબીલ ઈસ્યુ કરેલ હોય તેમનું નામ આકારણી દફતરના નામે કરવા કયા અને કઈ તારીખે અને કોના ધ્વારા અરજી કરવામાં આવેલ અને તે અરજી સાથે કયા કયા આધારભુત પુરાવાઓ રજૂ કરેલ પુરાવાની વિગતો તથા નામે કરવામાં જે અરજી આપવામાં આવેલ હોય તેની નકલ તથા તેની સાથે બીડેલા આધારભુત નકલની માહિતી આપવા બાબતે સંતોષકારક જવાબ ન મળ્યો હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬ –૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૪ તા.૨૬–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત અપીલ સાથે સામેલ ન હોઈ તે મોકલવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૧૦ તા.૬–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેના નં.૨૭ઈ–૦૯–૦૮૭૧–૦–૦૦૧ તા.૧૬–૬–૧૧ ના રોજ ટેક્ષ. ભર્યાની રસીદની નકલ, જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકારને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૪૪૩ તા.૪–૭–૧૧ ના રોજ શકીનાબેન હુસેનભાઈ ડોડીયાને ત્રાહિત પક્ષકાર તરીકે રજૂઆત માટે પાઠવેલ પત્રની નકલ, ત્રાહિત પક્ષકાર શકીનાબેન ડોડીયાએ તા.૭–૭–૧૧ ના રોજ આપેલ અભિપ્રાયની નકલ, જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકારની માહિતી સંબધે લીધેલ નિર્ણય અંગેના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૮૭ તા.૧૪–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૧–૬–૧૧ ની નો જયુડીશીયલ સ્ટેમ્પ પેપર પર કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના કબ્જેદાર શકીનાબેન હુસેનભાઈ ડોડીયાને મિલ્કતની માહિતી અંગે વાંધા બાબતે અભિપ્રાય માંગતો કલમ–૧૧ હેઠળનો પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૪૩ તા.૪–૭–૧૧ થી પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શકીનાબેન હુસેનભાઈ ડોડીયાએ તા.૭–૭–૧૧ ના પત્રથી તેમની મિલ્કતની જાણકારી તેમના સિવાય કોઈ પણ શખ્સને માહિતી આપવી નહીં કે કોઈ પણ પ્રકારના પ્રોપર્ટી વિષયક કાગળો આપવા નહીં તેવી અપીલ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૮૭ તા.૧૪–૭–૧૧ થી અરજદારને " ત્રાહિત પક્ષકાર શ્રીમતી શકીનાબેન હુસેનીભાઈ ડોડીયાએ માહિતી/નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ્ટુ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ નકલો આપવા અંગે હું ઈન્કાર કરુ છું " તેવું જણાવી અરજદારને માહિતીનો ઈન્કાર કરવામાં આવેલ. જે બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે અમે કોઈ પણ

જાતના એફીડેવીટ કે પુરાવા આપ્યા વિના શકીનાબેનનું નામ કયા પુરાવાના આધારે નામ ટ્રાન્સફર થયું તેની વિગતોની માંગણી અંગેની રજૂઆત કરેલ છે અને અસંતોષ વ્યકત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ નિર્ણય ત્રાહિત વ્યકિતની આપેલી કે ખાનગી ગણેલી માહિતી પૂરતી ઈન્કાર કરેલ તે કલમ–૧૧ સાથે સુસંગત ગણી શકાય. પરંતુ અરજદારે માંગેલ માહિતીમાં આકારણી દફતરે શકીનાબેન હુસેમનભાઈ ડોડીયાએ કયારે અને કઈ તારીખે અને કોના ધ્વારા અરજી કરવામાં આવી તથા કયા પુરાવાઓના આધારેના નામ દાખલ કરેલ છે તેવી વિગતો જાહેર સ્ત્રોત હેઠળની ગણાય. તેથી તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી ત્રાહિતની નકલ સિવાય જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવી રહે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીએ નહીં પૂરી પાડેલ અરજદારે માંગેલ માહિતી આકારણી દફતરે શકીનાબેન હુસેનભાઈ ડોડીયાનું નામ દાખલ કરવા કયારે અને કઈ તારીખે અને કોના ધ્વારા અરજી કરવામાં આવી તથા કયા પુરાવાઓના આધારેના નામ દાખલ કરેલ છે તેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી ત્રાહિતના દસ્તાવેજોની નકલ સિવાય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે ત્રાહિત વ્યકિતના દસ્તાવેજી પુરાવાઓની નકલના ઈન્કાર પૂરતો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય ગ્રાહય રાખવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નાસીરભાઈ હુસેનભાઈ દોડીયા,